BRAMPTON Service and Information Update

# સિટી તાત્કાલિક અથવા સહાનુભૂતિના આધારે લગ્ન લાઈસન્સ જુન 15 થી જારી કરશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (10 જૂન 2020) – સોમવાર, જૂન 15 ના રોજથી, સિટી ઓફ઼ બ્રૅમ્પટન સહાનુભૂતિ અથવા તાકીદે લગ્નના લાઈસન્સ એપોઈન્ટમેન્ટથી જારી કરવાનું શરૂ કરશે. માર્ચ 16 થી સિટીની સવલતો બંધ રહી હોવાથી સિટીએ હંગામી ધોરણે COVID-19 રોગચાળા દરમિયાન રહેવાસીઓ અને કર્મચારીઓની સલામતી અને આરોગ્યના રક્ષણ હેતુ જારી કરવાનું બંધ કર્યું હતું.

લગ્નના લાઈસન્સની અરજીઓ વ્યક્તિગત કેસના આધારે મૂલવાશે અને લાઇસન્સ પ્રાપ્ત કરતા પહેલા અરજદારોને સહાનુભૂતિ અથવા તાકીદની જરૂરિયાત મુજબ તપાસાશે. સિટી એવા લગ્નો જે જુલાઇ 2020 ના અંત સુધીમાં થવા માટે નિર્ધારિત હોય તેને અગ્રીમતા આપશે.

અરજદારોએ લગ્નના લાઈસન્સ માટેના પોતાના વિનંતીપત્રો આ ઈમેલ પર રવાના કરવા જણાવાય છે marriage.licence@brampton.ca. જુન 15 થી વિનંતીઓની તપાસ ઓનલાઇન પ્રક્રિયા દ્વારા થશે અને મંજૂર થાય એટલે સિટી એવા અરજદારો સાથે એપોઈન્ટમેન્ટ નક્કી કરશે જેમને સહાનુભૂતિ અથવા તાકીદની રાહે લગ્નના લાઈસન્સની જરૂરિયાત હોવાનું નિર્ધારિત થયું હોય. લગ્નના લાઈસન્સની રજી અને આ ફેરફારો વિશે વધુ માહિતી માટે અહીં www.brampton.ca ની મુલાકાત લેશો.

સિટી ઓફ઼ બ્રૅમ્પટન ખાતે રહેવાસીઓના આરોગ્ય અને સલામતી ટોચની અગ્રીમતા ધરાવે છે. એપોઈન્ટમેન્ટો સપ્તાહના બે દિવસો હાથ ધરાશે જેથી COVID-19 રોગચાળા દરમિયાન જ્યારે શહેરની સવલતો જાહેર જનતા માટે હજું પણ બંધ હોવાથી ત્યાં મુલાકાતીઓની સંખ્યા મર્યાદિત રહી શકે. આ સમયમાં બધાં નાગરિક સમારોહ રદ કરવામાં આવ્યા છે.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca